# શહેરમાં કોરોનાકાળમાં ૫૦ ટકાથી વધુ જન્મદર ઘટ્યો

## કોરોનાની મહામારીની સીધી અસર જન્મદર પર પડી : ૨૦૨૦માં ૫ મહિનામાં ૩૧૧૬ અને ૨૦૨૧માં ૧૨૯૨નો જન્મદર નોંધાયો

ગાંધીનગર, તા. ૩

કોરોનાની અસર આર્થિક ક્ષેત્રે તો થઈ જ છે પરંતુ સામાજિક ક્ષેત્રે પણ તેની બહુ મોટી અસર જોવા મળી રહી છે. કોરોનાના કારણે જન્મદરમાં બહુ મોટો ઘટાડો જોવા મળ્યો છે. જન્મદરના આંકડાઓ બહુ ચોંકાવનારા છે. એક જ વર્ષમાં જન્મદરમાં પચાસ ટકાથી વધુનો ઘટાડો આપણને આશ્ચર્યચકિત કરી દે છે. આર્થિક સામાજિક અને માનસિક સહિતના વિવિધ કારણોથી જન્મદર ઘટ્યો છે એ હકીકત છે.

પોતાના ભાવિ વિશે ચિંતિત પરિણિત યુવાનો હાલના સંજોગોમાં ભારે તનાવમાંથી પસાર થઈ રહ્યા હોય તેવું આ આંકડાઓ પર નજર કરતા તારણ નીકળે છે.

ગાંધીનગર શહેરમાં થતાં દરેક જન્મ અને મૃત્યુ ગાંધીનગર મ્યનિસિપલ કોર્પોરેશનના જન્મ-મરણ વિભાગમાં નોંધણી કરાવવી ફરજીયાત છે. મ્યુનિસિપલ તંત્ર તરફથી આપવામાં આવેલી માહિતી મુજબ ૨૦૧૯માં જાન્યુઆરીથી મે સુધીમાં કુલ ૨૭૭૬ બાળકોનો જન્મ જીએમસીના જન્મ મરણ વિભાગમાં નોંધાવા પામ્યો છે. વર્ષ ૨૦૨૦માં શરૂઆતના પાંચ મહિનામાં કુલ ૩૧૭૬ બાળકોનો જન્મ નોંધાયો છે. વર્ષ ૨૦૨૧માં શરૂઆતના પાંચ મહિનાનો જન્મનો આંકડો માત્ર ૧૨૯૨ નોંધાયો છે જે વર્ષ ૨૦૨૦-૨૧ પ્રમાણે આ વર્ષે કુલ ૧૮૮૪નો ઘટાડો નોંધાયો છે. આ આંકડા દર્શાવે છે કે કોરોના મહામારીની અસર જન્મદર પર પડી છે.

૨૧ દિવસમાં જન્મ કે મૃત્યુની નોંધણી કરાવવી ફરજીયાત છે. આરોગ્ય વિભાગના નિયમ મુજબ શહેરમાં થતા દરેક જન્મ કે મૃત્યુ અંગેની નોંધ ૨૧ દિવસમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના જન્મ મરણ વિભાગમાં કરાવવી ફરજીયાત છે. આ પછી જો નોંધ કરાવવામાં આવે તો લેટ ફી લઈને તંત્ર દ્વારા તેની નોંધ કરવામાં આવતી હોય છે.

### જાન્યુઆરીથી મે સુધીના ત્રણ વર્ષના કુલ જન્મદરના આંકડા

| વર્ષ | સ્ત્રી | પુરૂષ | કુલ |
|---|---|---|---|
| ૨૦૧૯ | ૧૨૭૩ | ૧૫૦૩ | ૨૭૭૬ |
| ૨૦૨૦ | ૧૪૫૨ | ૧૭૨૪ | ૩૧૭૬ |
| ૨૦૨૧ | ૫૯૯ | ૬૯૩ | ૧૨૯૨ |

### વર્ષ-૨૦૧૯ જન્મદર

| મહિનો | પુરૂષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|
| જાન્યુઆરી | ૩૫૨ | ૩૧૨ | ૬૬૪ |
| ફેબ્રુઆરી | ૨૨૭ | ૧૮૮ | ૪૧૫ |
| માર્ચ | ૧૯૧ | ૧૫૩ | ૩૪૪ |
| એપ્રિલ | ૩૬૨ | ૩૦૦ | ૬૬૨ |
| મે | ૩૭૧ | ૩૨૦ | ૬૯૧ |
| | | | ૨૭૭૬ |

### વર્ષ-૨૦૨૦

| મહિનો | પુરૂષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|
| જાન્યુઆરી | ૫૦૩ | ૪૧૯ | ૯૨૨ |
| ફેબ્રુઆરી | ૪૫૮ | ૩૯૦ | ૮૪૮ |
| માર્ચ | ૨૪૮ | ૨૦૮ | ૪૫૬ |
| એપ્રિલ | ૨૯૨ | ૨૪૭ | ૫૩૯ |
| મે | ૨૨૩ | ૧૮૮ | ૪૧૧ |
| | | | ૩૧૭૬ |

### વર્ષ-૨૦૨૧

| મહિનો | પુરૂષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|
| જાન્યુઆરી | ૯૭ | ૮૫ | ૧૮૨ |
| ફેબ્રુઆરી | ૮૪ | ૬૭ | ૧૫૧ |
| માર્ચ | ૧૮૦ | ૧૬૬ | ૩૪૬ |
| એપ્રિલ | ૧૪૭ | ૧૧૪ | ૨૬૧ |
| મે | ૧૮૫ | ૧૬૭ | ૩૫૨ |
| | | | ૧૨૯૨ |

# જિલ્લામાં મગફળીનું વિક્રમી વાવેતર

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં આ વર્ષે મગફળીના પાકનું વાવેતર વિક્રમી થયુ છે. ચાલુ ખરીફ સિઝન દરમ્યાન જિલ્લામાં મગફળીનું વાવેતર ૧૧,૩૦૬ હેક્ટરમાં થયુ છે. છેલ્લા ત્રણ વર્ષમાં સરેરાશ ૮૨૮૧ હેક્ટરમાં વાવેતર થતુ રહ્યુ છે.

જિલ્લાનો મુખ્ય પાક ગણાતા કપાસનું વાવેતર ૧૯,૪૪૭ હેક્ટરમાં થયુ છે. જિલ્લામાં વાવણીકાર્ય ધીમી ગતિએ સારા ચોમાસાની આગાહીને પગલે આગળ વધી રહ્યુ છે. જિલ્લામાં ગુવારનું વાવેતર ૬૯૫ હેક્ટરમાં, શાકભાજીના પાકોનું વાવેતર ૭૦૨૮ હેક્ટરમાં, અડદનું વાવેતર ૯૮ હેક્ટરમાં, મઠનું વાવેતર ૪૦ હેક્ટરમાં, મગનું વાવેતર ૨૯૮ હેક્ટરમાં, ચોમાસુ બાજરીનું વાવેતર ૩૫૦ હેક્ટરમાં, ડાંગર પિયતનું વાવેતર ૩૨૩૨ હેક્ટરમાં, મકાઈનું વાવેતર ૧૨ હેક્ટરમાં, તલનું વાવેતર ૫૭ હેક્ટરમાં થયુ છે.

ખેડૂતો દ્વારા ખરીફ વાવણીની કામગીરી ધીમી પડી હોવાથી દિવેલાનું વાવેતર ૪૫ હેક્ટરમાં તેમજ સોયાબીનનું વાવેતર ૩ હેક્ટરમાં નોંધાયુ છે. પશુધન માટે ઘાસચારાનું વાવેતર ૧૫,૭૧૬ હેક્ટરમાં કરવામાં આવ્યુ છે.

જિલ્લામાં આ વર્ષે મગફળીનું વિક્રમી વાવેતર થયુ છે. દહેગામ તાલુકામાં ૭૧૯૫ હેક્ટરમાં, ગાંધીનગરમાં ૨૬૬૦ હેક્ટરમાં, માણસામાં ૧૪૪૮ હેક્ટરમાં નોંધાયુ છે. કપાસનું વાવેતર દહેગામમાં ૫૫૯૮ હેક્ટરમાં, ગાંધીનગરમાં ૩૭૬૮ હેક્ટરમાં, કલોલમાં ૧૧૦૯ હેક્ટરમાં જ્યારે માણસામાં ૮૯૭૨ હેક્ટર વિસ્તારમાં નોંધાયુ છે.

જિલ્લામાં સૌથી વધુ વાવેતર દહેગામ તાલુકામાં ૨૦,૦૮૭ હેક્ટરમાં, માણસામાં ૧૮,૯૦૨ હેક્ટરમાં, ગાંધીનગરમાં ૧૩,૩૪૮ હેક્ટરમાં અને કલોલમાં ૬૦૧૬ હેક્ટર વિસ્તારમાં ખરીફ વાવણીનું કાર્ય સંપન્ન થયુ છે.



મે માસમાં આવેલા વાવાઝોડા બાદ શહેરના ઘણા વૃક્ષો જોખમરૂપ બન્યા છે. વૃક્ષોની ડાળીઓ જોખમી રીતે લટકી રહી છે. ઘ-૩ થી ગ-૩ સર્કલ તરફ જવાના માર્ગે એક વૃક્ષની ડાળી સાવ નમી ગઈ છે. જરા સરખો પવન પણ વૃક્ષની ડાળીને જોખમી બનાવી શકે છે.

# આરક્ષિત વિસ્તારની ફેન્સીંગના ગાબડા પુરવા વનતંત્ર પાસે પૈસા નથી

## શહેરના માર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત વિસ્તારની મોટાભાગની ફેન્સીંગ તુટેલી હાલતમાં : પ્રવેશ સરળ બનતા વધતા દબાણ અને ગંદકી વચ્ચે રખડતા ઢોરનો અડ્ડો : હરિયાળીને ખતરો

ગાંધીનગર તા ૨

ગાંધીનગરમાં એકબાજુ વિકાસના નામે સેંકડો વૃક્ષોની કટોતી થાય છે. શિક્ષિત અને પર્યાવરણપ્રેમીઓમાં પણ હરિયાળીનો સોથ વળતા આક્રોશ પ્રવર્તાયો છે. જો કે હવે પ્રકૃતિ પ્રેમીઓની જાગૃતિ અને વિરોધ વચ્ચે હરિયાળીને વળગતા વિકાસ સામે આંદોલન પણ કરવામાં આવે છે. પરંતુ એક સમયે ગ્રીન સીટીની આગવી ઓળખ ધરાવતા શહેરમાં છેલ્લા કેટલાક સમયથી વૃક્ષછેદનની વધતી પ્રવૃતિ વચ્ચે અનેક સમસ્યાઓ પર્યાવરણ માટે જોખમી બની છે. શહેરમાં વન આરક્ષિત વિસ્તારમાં વધતા દબાણો , રખડતા ઢોર અને ગંદકીના લીધે પણ હરિયાળા વૃક્ષોનુ અસ્તિત્વ જોખમાયુ છે. ત્યારે વન આરક્ષિત વિસ્તાર પણ મોટાભાગની જગ્યાએ ખુલ્લો જોવા મળી રહ્યો છે. અગાઉ વન આરક્ષિત વિસ્તારમાં રોપાઓની જાળવણી અને યોગ્ય ઉછેરને અનુલક્ષી વનતંત્ર દ્વારા ફેન્સીંગ કરવામાં આવી હતી. પરંતુ જાળવણીના અભાવે ઘણાં ઠેકાણે ગાબડા પડયા છે. જેના લીધે નાના રોપાઓનો ઉછેર પણ મુશ્કેલ બન્યો છે. વનતંત્ર દ્વારા અગાઉ

● અનુસંધાન-પાન-૭ પર

# સે. ૭માં કોરોનાનો એક કેસ નોંધાયો

### ગ્રામ્ય વિસ્તારમાં આજે '૦' કેસ : ૪ ને ડિસ્ચાર્જ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરમાં કોરોનાનો આજે એક કેસ નોંધાયો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે એક પણ કેસ નોંધાયો નથી. છુટા છવાયા વિસ્તારોમાંથી કેસો મળી રહ્યા હોવાથી તંત્ર વધુ સતર્ક બન્યુ છે. ગાંધીનગર શહેરમાં આજે સેક્ટર-૭માંથી એક ૩૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. મહિલાએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ગાંધીનગર શહેરમાં આજે વધુ બે દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં હાલ પાંચ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી. ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં આજ સુધીમાં ૯૬૩૬ લોકો કોરોનામુક્ત થયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૫૮ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે અને ૨૦૮ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. શહેર અને જિલ્લામાં કોરોનાનો રિકવરી રેટ ૯૮ ટકા પર પહોંચ્યો છે. પરિસ્થિતિ સંક્રમણની સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો તંત્રએ કર્યો છે.

# ગુજરાત પોલીસને ૧૧ આધુનિક વાનની ફાળવણી કરાઈ

અમદાવાદ,તા.૩

રાજ્યના પોલીસ માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. રાજયમાં હવે ગુનો બન્યા બાદ વૈજ્ઞાનિક તપાસના રિપોર્ટ માટે રાહ જોવી પડશે નહી. ગુનાના સ્થળે જ વૈજ્ઞાનિક તપાસનો પ્રાથમિક રીપોર્ટ મળી જશે. જેના માટે ખાસ વાન બનાવવામાં આવી છે.

રાજ્યના ૫૦૦થી વધુ પોલીસ મથકના અધિકારીઓ માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. જેમાં ગુના સ્થળ પર જ વૈજ્ઞાનિક તપાસનો પ્રાથમિક રીપોર્ટ મળશે. પ્રાથમિક ગુનાનો રિપોર્ટ તૈયાર કરવા માટે ખાસ વાન બનાવાઈ છે. દેશના અલગ-અલગ રાજ્યોમાં આવી ખાસ ૫૫ વાન મોકલાઈ છે. જેમાં ગુજરાત પોલીસને ૧૧ વાનની ફાળવણી

● અનુસંધાન-પાન-૭ પર

# ઓગસ્ટથી બૂલેટ ટ્રેનના કોરિડોરનું કામ શરુ થશે

અમદાવાદ, તા.૩

ધ નેશનલ હાઈ-સ્પીડ રેઈલ કોર્પોરેશન લિમિટેડ આખરે આ વર્ષના ઓગસ્ટ મહિના સુધીમાં અમદાવાદ રેલવે સ્ટેશનના છેડે આવેલા સરસપુર ખાતે સ્ટેશન-કમ-કોરિડોરના કન્ટ્રક્શન માટેનો કોન્ટ્રાક્ટ આપશે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, ટેન્ડરની ચકાસણી કરવામાં આવી રહી છે અને આ વર્ષના ઓગસ્ટ સુધીમાં ટેન્ડર નક્કી કરવામાં આવશે. એકવાર ટેન્ડર નક્કી થઈ જાય બાદમાં સ્ટેશન તેમજ એલિવેટેડ કોરિડોરનું કામ શરૂ કરવામાં આવશે. અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન માટેનું એલિવેટેડ કોરિડોર હાલના સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૧૧ અને ૧૨ પર રહેશે. એલિવેટેડ કોરિડોરના નીચેના વિસ્તારનો ઉપયોગ રેલવે દ્વારા ટ્રેનની સર્વિસ માટે કરવામાં આવશે.

NHSRCLએ યુટિલિટી લાઈન્સને શિફ્ટ કરવાનું કામ પહેલાથી શરૂ કરી દીધું છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, યુટિલિટીને શિફ્ટ કરવાના ભાગરૂપે, અમદાવાદ રેલવે સ્ટેશન પર ડીઝલ પાઈપલાઈનને પણ હાઈ-સ્પીડ રેલવે સ્ટેશન માટે રસ્તો બનાવવા માટે સ્થળાંતર કરવામાં આવી છે. અધિકારીઓના કહેવા પ્રમાણે કાલુપુરની સાથે સાબરમતી પર પણ સ્ટેશનને લઈને કામ શરૂ કરવામાં આવશે અને ડિઝાઈનને પણ મંજૂરી મળી ગઈ છે. કાલુપુર સ્ટેશનમાં મેટ્રો (અંડરગ્રાઉન્ડ), રેલવે સ્ટેશન (ગ્રાઉન્ડ લેવલ) અને બુલેટ ટ્રેન (એલિવેટેડ)નું એકીકરણ હશે, જ્યારે સાબરમતી સ્ટેશનમાં રેલવે અને મેટ્રો એકસાથે હશે.

# વરસાદની અછતના કારણે પાકોને બચાવવા તંત્રની અપીલ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં ચાલુ ખરીફ સિઝન ૨૦૨૧ દરમ્યાન જુન મહિનામાં થયેલ વરસાદ બાદ છેલ્લા બે અઠવાડીયાથી નોંધ પાત્ર વરસાદ નોંધાયેલ નથી, હાલ જિલ્લામાં કુલ ૫૮૩૫૩ હેકટર વિસ્તારમાં ચોમાસુ પાકોનું વાવેતર થયેલ છે. જે પાકોમાં વરસાદની અછતના કારણે ચોમાસુ પાકને બચાવવા ખેતીવાડી શાખા દ્વારા ખેડૂતોને નીચે મુજબની ભલામણ કરવામાં આવે છે.

વાવેતર કરેલ પાકમાં ભેજની અછત વર્તાતી જણાય અને પિયતની સગવડ હોય તો પાકની કટોકટી અવસ્થાએ લાઈફ સેવીંગ પિયત (પાકને ટકાવી રાખવા માટે આપવામાં આવતું પિયત) આપવાની ભલામણ કરવામાં આવે છે. પિયત આપવા માટે ધોરીયા પધ્ધતીના બદલે ફુવારા, ટપક પધ્ધતી જેવી સુક્ષ્મ પિયત પધ્ધતિનો ઉપયોગ કરવો જેથી પિયત માટે મર્યાદીત પાણીમાંથી પિયતનો એક્મ વિસ્તાર વધારી શકાય.

ખેતરમાં રહેલ ભેજને બાસ્પિભવનથી વ્યય થતો અટકાવવા માટે સમયાંતરે આંતરખેડ કરતા રહેવું જે બાસ્પિભવનની ચેઈન તોડી જમીનમાનો ભેજ ટકાવી રાકવામાં મદદરૂપ થઈ શકે છે.

કપાસ અને બહુ વર્ષાયુ બાગાયતિ પાકોમાં જમીનનો ભેજ ટકાવી રાખવા મલ્ચીંગ (આવરણ પધ્ધતિનો) ઉપયોગ કરી શકાય, જેના માટે સુકુ ઘાસ, ઘઉં, ડાંગરનું પરાડ તેમજ ખેતરનો અન્ય કચરાનો ઉપયોગ કરી શકાય. જે પાકના ફરતે જમીન પર આવરણ કરવાથી જમીનમાં રહેલા ભેજને લાંબા સમય સુધી ટકાવી શકાય છે.

ડાંગર જેવા વધુ પાણીની જરૂરીયાતવાળા પાકોનું હાલના સમયે વાવેતર/ફેર રોપણી ટાળવું.

પાકમાં રહેલ નિંદામણનું સમયસર નિયત્રંણ કરવું તેમજ પાકમાં આવતા રોગ અને જિવાત સામે કૃષિ યુની. દ્વારા ભલામણ કરેલ નિંયત્રણના સમયસર પગલા લઈ પાકમાં આવતી સ્ટ્રેસ અટકાવવી જોઈએ. તેમજ એકમ વિસ્તારમાં છોડની સંખ્યા ઘટાડવા નબળા છોડ ઉપાડી અને દુર કરવા જોઈએ.

વરસાદની અનિશ્ચતા સમયે એક પાકનું વાવતેર કરી જોખમ લેવા કરતા આંતરપાક પધ્ધતિ અપનાવવા ભલામણ કરવામાં આવે છે. ખેતીમાં અનિયમિત અને અપુરતા વરસાદને કારણે નિષ્ફળતાના જોખમને ટાળવા માટે આંતર પાક/મિત્ર પાક પધ્ધતિ અપનાવવી.

ભલામણ કરેલ આંતર પાક પધ્ધતિ બાજરી તુવેર (૨:૧) બાજરી દિવેલા (૩:૧) ચોળી દિવેલા (૩:૧) દિવેલા ચોળી/મગ (૧:૧) તુવેર અડદ (૧:૨), બાજરી કઠોળ પાકો (મગ/અડદ/મઠ/ગુવાર/ચોળી) ૨:૨ અથવા ૧:૨, કપાસ કઠોળ પાકો (મગ/અડદ/મઠ/ગુવાર/ચોળી) ૧:૨, તુવેર મગફળી (૧:૨ અથવા ૧:૩)

ઘાસચારાના પાકો તરીકે મકાઈ, ગુંદરી જુવાર, સોલાપુરી જુવાર તેમજ દિવેલા, તલ પૂર્વા-૧ અને ટૂંકા જીવનકાળવાળા પાકોનું વાવેતર કરવું.

● અનુસંધાન-પાન-૭ પર

# શાળા-કોલેજો શરૂ કરવાનો નિર્ણય ઉચ્ચસ્તરની મિટિંગમાં લેવાશે

### દોઢ વર્ષથી બંધ હોવાથી વિદ્યાર્થીને ઓનલાઈન શિક્ષણ ચાલે છે, પહેલાં કોલેજો-પછી શાળા ખોલવાના શિક્ષણમંત્રીના સંકેત

ગાંધીનગર, તા. ૩

કોરોનાના કેસ લગભગ ગુજરાતમાં કાબુમાં આવી ચુક્યા છે. ડબલ ડિજિટમાં કોરોના આવી ચુક્યા છે. કોલેજ ફરી ખોલવા માટે શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાનું મહત્વનું નિવેદન સામે આવ્યું છે. હવે શાળા કોલેજો અંગે ઉચ્ચ સ્તરીય બેઠકમાં નિર્ણય લેવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, વિદ્યાર્થીઓ હાલ ઓનલાઈન શિક્ષણ મેળવી રહ્યા છે. આ ઉપરાંત ગત્ત વર્ષના વિદ્યાર્થીઓને તો માસ પ્રમોશન આપી દેવામાં આવ્યું છે. તેવામાં શૈક્ષણિક સંસ્થાઓ લગભગ છેલ્લા દોઢ વર્ષ કરતા વધારે સમયથી બંધની સ્થિતિમાં છે.

અત્રે નોંધનીય છે કે, રાજ્યમાં કોરોનાના કેસમાં હાલ ધરખમ ઘટાડો થઈ રહ્યો છે. જેના કારણે ફરી એકવાર શાળાઓ અને કોલેજોમાં ઓફલાઈન શિક્ષણ શરૂ કરવા મુદ્દે ગણગણાટ શરૂ થયો છે. બીજી તરફ શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું કે, રાજ્યમાં કોરોના હવે લગભગ કાબુની સ્થિતીમાં છે. શાળા કોલેજો શરૂ કરવા મુદ્દે ઉચ્ચસ્તરીય બેઠક યોજાશે. જેમાં આ મુદ્દે વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે. ત્યાર બાદ નિર્ણય લેવાશે. પ્રથમ કોલેજ ત્યાર બાદ ધોરણ ૧૨થી માંડીને ધોરણ ૧ સુધીનાં વિદ્યાર્થીઓને તબક્કાવાર બોલાવવામાં આવશે.

જો કે આ તમામ પગલા ત્યારે જ લેવાશે જ્યારે સરકારી સમિતિ દ્વાર શાળાઓ ખોલવા અંગે નિર્ણય લેવામાં આવે. અત્રે ઉલ્લેખનીય છે કે, શિક્ષણમંત્રી એક ખાનગી યુનિવર્સિટીના કાર્યક્રમમાં હાજરી આપવા માટે અમદાવાદ હાજર રહ્યા હતા. તે દરમિયાન તેમણે આ મહત્વની જાહેરાત કરી હતી. આ કાર્યક્રમમાં તેમણે વિપક્ષી કોંગ્રેસ પક્ષના પણ વખાણ કર્યા હતા. શિક્ષણ બાબતે કોંગ્રેસ દ્વારા તેમને સંપુર્ણ સહયોગ મળતો હોવાનું પણ તેમણે આ બાબતે જણાવ્યું હતું.

ફ્લેટ વેચવાનો છે
સેમી ફર્નિશ્ડ
G-303, મહાલક્ષ્મી-૨, પેથાપુર ચોકડી, ગાંધીનગર
મો. : ૯૪૨૮૫ ૮૩૨૭૫

ભાડે આપવાનો છે
૧૮૦ વાર, 3BHK ફ્લેટ, ફુલ્લી ફર્નિશ્ડ,
I-404, અક્ષત આઈકોન, સરગાસણ, ગાંધીનગર
Mo. 7575807848

'ચોપડા'ની કામગીરી માટેનું ટેન્ડર
શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગર
C/o જલારામ ધામ, સેક્ટર-૨૯, ગાંધીનગર. ફોન-૦૭૯૨૩૨૨૩૬૧૪
શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગર દ્વારા ચોપડા ૨૦૦ ડઝન બનાવવા માટે આ કામના જાણકાર પ્રીન્ટીંગ પ્રેસ પાસેથી ભાવ મંગાવવામાં આવે છે. કોરા ભાવપત્રકો જલારામ મંદિર ખાતેથી તા. ૦૫-૦૭-૨૧ થી ૧૦-૦૭-૨૧ સુધી સવારે ૯ થી ૧૨ તથા સાંજે ૪ થી ૯ સુધી મેળવી લેવાના રહેશે. ભાવપત્રકો તા. ૧૧-૦૭-૨૦૨૧ના સાંજે પાંચ વાગ્યા સુધી મેનેજર, શ્રી જલારામ મંદિર, સે-૨૯ને મોકલી આપવાના રહેશે.
અશોકભાઇ જે પોપટ
મંત્રી
શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com